# વનરાજની કબર

*ગીર જંગલના રાજા સિંહને સૌથી વધુ ડર કોનો?*

ના, શિકારીઓનો નહીં. રાજકોટના *વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ*ના સ્થાપક કિશોર કોટેચા કહે છે: 'જંગલના રાજાને સૌથી વધુ ખતરો જંગલમાં આવેલા ખુલ્લા કૂવાનો છે.'



માટે જ મૂળ બિલ્ડર એવા કિશોરભાઈએ આવા ખુલ્લા કૂવાઓની ફરતે દીવાલ બાંધવાનું બીડું ઝડપ્યું છે. જો કે કિશોરભાઈ આ કાર્યમાં એકલા નથી. એમના ટ્રસ્ટમાં પંદરથી વધુ નાની-મોટી સંસ્થા, ડોનરો છે. સાથે *રિલાયન્સ, ટાટા કેમિકલ્સ* જેવી કૉર્પોરેટ કંપની પણ આ કાર્યમાં સંકળાઈ છે.

૧૪૧૨ કિલોમીટરમાં ફેલાયેલા ગીર જંગલની બોર્ડર પર આશરે છ કિલોમીટરના વિસ્તારમાં દસ હજાર જેટલા ખુલ્લા કૂવા છે એમ કિશોરભાઈ કહે છે. એ કહે છે કે ૨૦૦૧થી માર્ચ, ૨૦૦૮ સુધીમાં સિંહ કૂવામાં ખાબક્યા હોય એવા ૫૩ બનાવ નોંધાયા છે, જેમાંથી ૨૮ સિંહ મોતને ભેટ્યા છે તો બાકીના ઈજા પામ્યા છે. સિંહ સિવાય અન્ય પ્રાણીઓ અને જંગલની ફરતે રહેતાં નાનાં બાળકો કૂવામાં પડી ગયાના ઘણા કિસ્સા છે.

ગયા એક વર્ષમાં કિશોરભાઈના ટ્રસ્ટ અને કૉર્પોરેટ કંપનીએ મળીને ૨૦૦૦ જેટલા કૂવા ફરતે દીવાલ ઊભી કરી દીધી છે. આ વર્ષનો ટાર્ગેટ છે ૪૦૦૦ કૂવાનો.

કિશોરભાઈના કહેવા અનુસાર એક કૂવો પૂરવા માટે દસ હજાર રૂપિયાનો ખર્ચ છે. એમાંથી ચાર હજાર રૂપિયા જંગલખાતું ભોગવે છે. બાકી, ટ્રસ્ટના ફંડ-ફાળા અને ડોનરો પાસેથી એકઠા કરવા પડે છે.

બોલો, તમારે આ મોતનો કૂવો પુરાવવામાં આર્થિક સહાય કરવી છે?

This document was created with Win2PDF available at http://www.daneprairie.com.
The unregistered version of Win2PDF is for evaluation or non-commercial use only.